(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૩૭૦/૨૦૨૬**
**આંક:– ૮**
**શરૂ–૦૧:૧૮, પુર્ણ– ૦૧:૨૮**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.*     )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– ભાવેશભાઈ | પિતા/પતિનું નામ:– રમેશભાઈ કોળી |
| | ઉ.વ.:– ૩૨ |
| ધંધો:– મજુરી | સરનામુ:– પંચમુખી ઢોરે, હળવદ, તા.હળવદ જી.મોરબી |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) હું ત્રણ મહીના પહેલા હળવદ પો.સ્ટે. પાસેથી નીકળેલો ત્યારે પોલીસે એક તૈયાર પંચનામામા મારી સહી લીધેલી. શું બાબતનુ પંચનામુ હતુ તેની મને ખબર નથી. મારી હાજરીમા પોલીસે કોઈ આરોપીને અટક કરી તેની પાસેથી કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નહી. મને એક અટક પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ–૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ જે રજુ દાખલ **આંક–૯.** આરોપીને ઓળખતો નથી.

સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો ન હોય, એ.પી.પી.શ્રીની મૌખીક વીનંતીથી સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપી.

(૨) એ વાત ખરી નથી કે તા.૩૦/૧૨/૨૫ના કલાક ૨૩/૦૦ થી ૨૩/૪૫ દરમ્યાન હળવદ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૯૫/૨૫ના કામે આરોપીને અટક કરેલ હોય અને તેની પાસેથી છકડો રીક્ષા કબજે કરેલ હોય તે બાબતનુ પંચનામુ કરવાનુ હોય જેથી પોલીસે અમોને પંચમા રહેવા સમજ કરતા પંચમા રહેલ. હળવદ પોલીસ પાસે એક ઈસમ હાજર હતો તેનો અમો પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ સવજીભાઈ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

કાંતીભાઈ દેવીપુજક રહે. મેલડીનગર, વીરમગામવાળો હોવાનુ જણાવેલ અને તેને છકડો રીક્ષા નં.જીજે-૧૩-ટી-૫૬૧૯ રજુ કરેલ જેની કીંમત રૂપીયા વીસ હજાર ગણી પોલીસે પંચનામાની વિગતે તપાસઅર્થે કબજે કરેલ અને આરોપીને અટક કરેલ. એ વાત ખરી નથી કે અમોની હાજરીમા પોલીસે આરોપી પાસેથી છકડો રીક્ષા કબજે કરેલ હોય અને તે બાબતનું પંચનામુ અમોએ પોલીસને લખાવી પંચ તરીકે સહી કરેલ હોય છતા આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તર્ફે ઉલટતપાસ જાતે**

(૩) ઉલટ તપાસ નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:- હળવદ.**

**તારીખ:- ૨૫/૦૩/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.